ખાતાના વડાઓની કચેરીઓનું નિરીક્ષણ
કરવાનો વાર્ષિક કાર્યક્રમ સને ૨૦૨૨-૨૩

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
પરિપત્ર ક્રમાંક. જીવીસી-૧૦૨૦૨૧-૪૬૪૨૩૦-ખા.ત.એ.
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪-૦૨-૨૦૨૨

પરિપત્ર :

આ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓનો સને ૨૦૨૨-૨૩ માટેનો ખાતાના વડાઓની કચેરીઓનું નિરીક્ષણ કરવાનો વાર્ષિક કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | ખાતાના વડાનું નામ | નિરીક્ષણ સમય |
|---|---|---|
| ૧ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર. | એપ્રિલ-૨૦૨૨<br>ઓક્ટોબર-૨૦૨૨ |
| ૨ | નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ગાંધીનગર. | મે-૨૦૨૨<br>નવેમ્બર-૨૦૨૨ |
| ૩ | નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું ગાંધીનગર. | જુન-૨૦૨૨<br>ડિસેમ્બર-૨૦૨૨ |

૨. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦-૦૮-૧૯૮૭ ના પરિપત્ર ક્રમાંક. તપસ-૧૦૮૭-આવેજા-(૭૯-૮૨-૮૪)-૫૩૮૪-વસુતાપ્ર-૫ મુજબ ખાતાના વડાની કચેરીના નિરીક્ષણ સંબંધિત નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રીની દેખરેખ હેઠળ હાથ ધરવાનું હોવાથી, નિરીક્ષણ દરમિયાન સંબંધિત અધિકારીશ્રીએ ખાતાના વડાની કચેરીઓમાં જવાનું રહેશે. આ નિરીક્ષણ સામાન્ય વહીવટ વિભાગની ઉકત સૂચનાઓ મુજબ કરવાનું રહેશે અને તે અંગેની નિરીક્ષણ નોંધ બનાવી મેમોરીડીંગ અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) ને રજૂ કરવાનું રહેશે.

૩. વિભાગના અધિકારીઓ કચેરી નિરીક્ષણ કરવા અંગેની સંયુકત ટીમ બનાવી છે તેમાં વિભાગની બજેટ શાખા અને ખાતાકીય તપાસ એકમ શાખાના પણ એક-એક પ્રતિનિધિનો સમાવેશ કરવાનો રહેશે. આ અંગેના હુકમો જે તે શાખાએ ઉકત કાર્યક્રમમાં દર્શાવેલ મહિનાઓ દરમિયાન તેમની અનુકૂળતા મુજબ અલગથી કરવાના રહેશે.

૪. ગુજરાત તકેદારી આયોગના તા.૧૩-૯-૨૦૦૬ અને તા.૧૩-૦૮-૨૦૦૮ ના પરિપત્રોની માર્ગદર્શક સુચનાઓ ધ્યાને રાખવાની રહેશે.

૫. ખાતાના વડાઓએ તેમની હસ્તકના બોર્ડ/કોર્પોરેશન/નિગમની કચેરીઓનું નિરીક્ષણ ઓછામાં ઓછુ દર (૬) છ માસે એક વખત વિભાગના સંબંધિત નાયબ સચિવશ્રી/સંયુકત સચિવશ્રીની દેખરેખ હેઠળ કરવાનું રહેશે.

૬. નિરીક્ષણ અહેવાલ ખાતાકીય તપાસ એકમની જાણ હેઠળ નાયબ સચિવ (વસુતાપ્ર), સામાન્ય વહીવટ વિભાગને મોકલી આપવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( અંકુરકુમાર ઉપાધ્યાય )
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુકત સચિવશ્રી, (અ.જા.ક.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, (વિ.જા.ક., સ.સુ.) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ડો.જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી, વસુતાપ્ર-૧, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી, (આઇ.ટી. શાખા) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સદરહુ પરિપત્ર વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.